001. શારદા અધિનિયમ, 1930 કઈ બાબત અંગેનો છે?
(A) બાળલગ્ન
(B) સ્ત્રી કેળવણી
(C) સતીપ્રથા નાબુદી
(D) વિધવા પુનઃલગ્ન

002. મોઢેરાનું સૂર્યમંદિર કઈ નદીના કિનારે આવેલું છે?
(A) સાબરમતી
(B) સરસ્વતી
(C) પુષ્પાવતી
(D) બનાસ

003. વિશ્વ વેપાર સંગઠન (WTO) ની વિગત પ્રમાણે વૈશ્વિક સેવા નિકાસમાં ભારતીય વ્યાપારિક સેવા નિકાસનો વર્ષ 2015 માં કેટલો હિસ્સો હતો?
(A) 7.3%
(B) 5.3%
(C) 3.3%
(D) 1.3%

004. "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત" કોણે કહ્યું છે?
(A) કવિ ખબરદાર
(B) કવિ મુન્શી
(C) કવિ પન્નાલાલ
(D) કવિ નર્મદ

005. નીચેના પૈકી ક્યું ગુજરાતનું લોકનૃત્ય છે?
(A) ઘેરીયા
(B) ઝુમર
(C) પઢાર
(D) ઉપરના તમામ

006. નીચેના જોડકાં યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરો.

| વર્ષ | સંયુક્ત રાષ્ટ્રના ઠરાવ અનુસાર |
|---|---|
| a) 2014 | i) વિકાસ માટે ટકાઉ (sustainable) પ્રવાસનનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| b) 2015 | ii) પ્રકાશ અને પ્રકાશ આધારીત ટેક્નોલોજીનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| c) 2016 | iii) કઠોળનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| d) 2017 | iv) કુટુંબ ખેતીનું આંતરરાષ્ટ્રીય વર્ષ |

(A) a – iv, b – ii, c – iii, d – i
(B) a – i, b – ii, c – iii, d – iv
(C) a – ii, b – i, c – iii, d – iv
(D) a – iii, b – ii, c – i, d – iv

007. ભારતનાં પી.એસ.એલ.વી.ની 39મી ઉડાણમાં (PSLV-C37) ભારતનાં બે નેનો ઉપગ્રહની સાથેનાં અન્ય 101 સહયાત્રી ઉપગ્રહ ક્યા-ક્યા દેશનાં હતા?
(A) કઝાકીસ્તાન, ઈઝરાઈલ, નેધરલેન્ડ, સ્વીટઝર્લેન્ડ, યુ.એ.ઈ, યુ.એસ.એ.
(B) ઇઝરાઈલ, નેધરલેન્ડ, સ્વીટઝર્લેન્ડ, યુ.એ.ઈ., યુ.એસ.એ., જાપાન, ફ્રાન્સ
(C) સ્વીટઝર્લેન્ડ, યુ.એ.ઈ., યુ.એસ.એ., જાપાન, ફ્રાન્સ, યુ.કે.
(D) યુ.એ.ઈ., યુ.એસ.એ., જાપાન, ફ્રાન્સ, યુ.કે., ઈજિપ્ત

008. વસ્તી ગણત્રી-2011 અનુસાર ભારતમાં નીચેના પૈકી ક્યાં રાજ્યમાં દશકાનો સૌથી નીચો વસ્તી વૃદ્ધિ-દર નોંધાયો છે?
(A) નાગાલેન્ડ
(B) કેરળ
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

009. ભારતમાં નીચેના પૈકી ક્યુ રાજ્ય મગફળીનો સૌથી મોટો ઉત્પાદક છે?
(A) આંધ્રપ્રદેશ
(B) મહારાષ્ટ્ર
(C) ગુજરાત
(D) કર્ણાટક

010. સમુદ્ર પાણીથી રચાતાં સરોવરને ક્યાં નામથી ઓળખવામાં આવે છે?
(A) તળાવ
(B) બંધારા
(C) લગૂન
(D) ખાડી



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

011. ભારતની વસ્તીગણત્રી પ્રમાણે, શહેરી વસાહત માટે હોવું જ જોઈએ.
1) પ્રતિ ચો.કિ.મી. વિસ્તારમાં 400 વ્યક્તિઓની વસ્તીગીચતા
2) ઓછામાં ઓછું 5000 વ્યક્તિઓનું વસ્તી કદ
3) કાર્યબળના ઓછામાં ઓછા 75% બિન ખેતી પ્રવૃત્તિઓમાં
4) કાર્યબળનાં 75% અથવા તેથી વધુ પુરૂષવર્ગ બિન ખેતી પ્રવૃત્તિઓમાં
(A) ફક્ત (1) અને (2)
(B) ફક્ત (2) અને (3)
(C) ફક્ત (1), (2) અને (4)
(D) ફક્ત (1), (2) અને (3)

012. બંધારણના 86માં સુધારા (2002) થી તેના વિભાગ-3 માં ક્યો મૂળભૂત અધિકાર ઉમેરવામાં આવ્યો હતો ?
(A) સમાન ન્યાય અને મફત કાનૂની સહાય
(B) શિક્ષણનો અધિકાર
(C) અંગત જીવનનો અધિકાર
(D) સહકારી મંડળીઓ બનાવવાનો અધિકાર

013. 2011ની વસ્તીગણત્રી મુજબ નીચેના પૈકી ક્યાં જિલ્લાઓનું જૂથ શહેરી વસ્તીની ટકાવારીનાં સાચાં ઉતરતા ક્રમમાં છે ?
(A) સુરત, અહમદાબાદ, વડોદરા અને રાજકોટ
(B) અહમદાબાદ, સુરત, રાજકોટ અને વડોદરા
(C) સુરત, વડોદરા, અહમદાબાદ અને રાજકોટ
(D) અહમદાબાદ, સુરત, વડોદરા અને રાજકોટ

014. 2011 ની વસ્તીગણત્રી પ્રમાણે નીચેના પૈકી ક્યું રાજ્ય સૌથી વધુ શહેરીકરણ ધરાવે છે ?
(A) ગુજરાત
(B) પશ્ચિમ બંગાળ
(C) પંજાબ
(D) કર્ણાટક

015. 2011 ની વસ્તીગણત્રી પ્રમાણે ગુજરાતમાં નીચેના પૈકી ક્યો જિલ્લો સૌથી ઓછું શહેરીકરણ ધરાવે છે ?
(A) ડાંગ
(B) તાપી
(C) દાહોદ
(D) નર્મદા

016. લોકસભાના એકપણ સત્રનો સામનો ન કરનાર ભારતના વડાપ્રધાન કોણ હતાં ?
(A) ચરણસિંહ ચૌધરી
(B) ચંદ્રશેખર
(C) એચ. ડી. દેવેગૌડા
(D) આઈ. કે. ગુજરાલ

017. ગુજરાતની શહેરી વસ્તીમાં સરાસરી સાક્ષરતા દર કેટલો છે ?
(A) 66.31%
(B) 76.31%
(C) 86.31%
(D) 96.31%

018. લોકપાલ અને લોકાયુક્ત કાયદો 2013 ભારત દ્વારા સમર્થન આપવામાં આવેલી નીચેના પૈકી કઈ સંધિ મુજબ ઘડવામાં આવ્યો છે ?
(A) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન હ્યુમન એન્વાયરમેન્ટ
(B) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન અગેઈન્સ્ટ કરપ્શન
(C) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓફ હ્યુમન રાઈટ્સ
(D) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન અગેઈન્સ્ટ ટેરરીઝમ

WWW.MARUGUJARAT.IN



Scanned by CamScanner

019. લોકાયુક્ત આયોગ એ ફરિયાદમાં પૂછપરછ કરી શકે નહી જે ફરિયાદનો સમયગાળો
(A) ફરિયાદનું કારણ ઉભું થયેથી 3 વર્ષથી વધુ હોય
(B) ફરિયાદનું કારણ ઉભું થયેથી 5 વર્ષથી વધુ હોય
(C) ફરિયાદનું કારણ ઉભું થયેથી 7 વર્ષથી વધુ હોય
(D) ફરિયાદનું કારણ ઉભું થયેથી 10 વર્ષથી વધુ હોય

020. લઘુમતિઓને બંધારણનો અનુચ્છેદ 30 શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપે છે તેનો આધાર
(A) ધર્મ અને સંસ્કૃતિ છે
(B) ધર્મ અને ભાષા છે
(C) સંસ્કૃતિ અને ભાષા છે
(D) ધર્મ અને જાતિ છે

021. સંગમ સાહિત્ય મોટા ભાગે કઈ ભાષામાં રચાયું હતું?
(A) કન્નડ (B) મલયાલમ (C) તમિલ (D) તેલુગુ

022. જૈન ધર્મગ્રંથનું સાહિત્ય ક્યા નામે ઓળખાય છે?
(A) ત્રિપિટક (B) જાતક (C) અવેસ્તા (D) આગમ

023. ભારતનાં આર્થિક સર્વેક્ષણ 2016-17 અનુસાર કૃષિ અને તેનાં સંલગ્ન ક્ષેત્રો માટે વૃદ્ધિદર 2016-17 માટે કેટલો રહેવાનો અંદાજ છે?
(A) 10.6% (B) 7.8% (C) 5.4% (D) 4.1%

024. આઠ મુખ્ય આંતરમાળખાકીય સહાયક ઉદ્યોગો જેવાં કે કોલસો, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, રીફાઈનરી ઉત્પાદનો, ખાતર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળી ઔદ્યોગિક ઉત્પાદન સૂચક આંક (IIP) માં આશરે ________ ફાળો આપે છે.
(A) 38% (B) 48% (C) 58% (D) 68%

025. અશોકના શિલાલેખો કઈ કઈ ભાષાઓમાં લખાયેલાં છે?
(A) ફક્ત પ્રાકૃત
(B) પ્રાકૃત, ગ્રીક અને અરમાઈક
(C) પ્રાકૃત, ગ્રીક, બ્રાહ્મી અને અરમાઈક
(D) પ્રાકૃત, ગ્રીક, બ્રાહ્મી, ખારોસ્થી અને અરમાઈક

026. પૃથ્વીની પરિભ્રમણની ગતિને ________ ગતિ પણ કહે છે.
(A) માસિક (B) દૈનિક (C) વાર્ષિક (D) અઠવાડીક

027. ક્યાં વૃક્ષના રસમાંથી ટર્પેન્ટાઈન બને છે?
(A) નીલગીરી (B) બાવળ (C) ચીડ (D) સીસમ

028. વસ્તી ગણતી-2011 પ્રમાણે ગુજરાત રાજ્યમાં કુલ વસ્તીના કેટલાં ટકા શહેરી વસ્તી છે?
(A) 57.4% (B) 48% (C) 42.6% (D) 52%



Scanned by CamScanner

029. સરકો શું છે?
(A) પીકરીક એસીડ (B) આલ્કોહોલીક એસીડ (C) એસેટીક એસીડ (D) ઉપરના પૈકી

030. નીચેના પૈકી કઈ કમ્પ્યુટરની ભાષા નથી?
(A) C++ (B) UNIX (C) JAVA (D) ઉપરના તમામ

031. કૃત્રિમ રેશમને ______ પણ કહે છે.
(A) ડેકરોન (B) રેયોન (C) ફાઈબર ગ્લાસ (D) નાયલોન

032. HTTP નું પૂર્ણ સ્વરૂપ શું છે?
(A) Hyper Text Top Protocol
(B) High Text Top Protocol
(C) Hyper Text Transfer Protocol
(D) ઉપરના પૈકી કોઈ નહીં

033. સેલ્સિયસ અને ફેરનહીટ ક્યારે તાપમાન સરખું બતાવે છે?
(A) 30° (B) 40° (C) 50° (D) 60°

034. નીચેના પૈકી ક્યા તત્વનું માનવના પરસેવામાં ઉત્સર્જન થાય છે?
(A) સલ્ફર (B) લોખંડ (C) કાર્બન (D) એમોનિયા

035. કાર ચાલકની સલામતી માટેની "એર-બેગ" માં ક્યો વાયુ હોય છે?
(A) સોડિયમ એઝાઈડ
(B) સોડિયમ બાયકાર્બોનેટ
(C) સોડિયમ નાઈટ્રાઈટ
(D) સોડિયમ પેરોક્સાઈડ

036. ભારતના સંવિધાનમાં "જાહેર આરોગ્ય અને સ્વચ્છતા" નો સમાવેશ કઈ યાદીમાં થયો છે?
(A) રાજ્ય યાદી (B) સંઘ યાદી (C) સંયુક્ત યાદી (D) ઉપરના પૈકી

037. દરેક લોકસેવા આયોગના અડધાથી નજીકની સંખ્યાના સભ્યો, દરેકે પોતાની નિમણૂંકની તારિખે ભારત સરકાર હેઠળ અથવા કોઈ રાજ્યની સરકાર હેઠળ ઓછાંમાં ઓછાં ____ વર્ષ સુધી હોદ્દો ધરાવ્યો હોવો જોઈએ.
(A) 07 (B) 05 (C) 03 (D) 10

038. કોની વિનંતીથી વલ્લભભાઈ પટેલે બારડોલી સત્યાગ્રહની આગેવાની લેવાની સંમતિ આપી?
(A) ગાંધીજી
(B) કુંવરજીભાઈ
(C) વિઠ્ઠલભાઈ
(D) રવિશંકર મહારાજ

039. મીઠાના સત્યાગ્રહની આગેવાની અબ્બાસ તૈયબજીની ધરપકડ બાદ કોણે સંભાળી?
(A) મોહનલાલ પંડ્યા
(B) જુગતરામ દવે
(C) સરોજિની નાયડુ
(D) મહાદેવભાઈ દેસાઈ

040. ત્રણ યાદીઓ, રાજ્ય યાદી, સંઘ યાદી અને સંયુક્ત યાદીની વિગતો બંધારણની કઈ સૂચિમાં છે?
(A) ચોથી (B) પાંચમી (C) સાતમી (D) નવમી



WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

041. બંધારણમાં 74માં સુધારા અન્વયે ક્યાં અનુચ્છેદમાં નગરપાલિકાઓ બાબતની જોગવાઈઓ ઉમેરવામાં આવી?
(A) અનુચ્છેદ – 241 (B) અનુચ્છેદ – 242 (C) અનુચ્છેદ – 243 (D) અનુચ્છેદ – 245

042. નીચેના પૈકી ક્યા કરના બદલે GST લાગુ પડશે?
1. સેન્ટ્રલ એક્સાઈઝ
2. વ્યાવસાયિક વેરો
3. સર્વિસ ટેક્સ
4. વેટ
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

043. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા નીચેના પૈકી કયાં ભારતીયની જન્મ શતાબ્દી નિમિત્તે ટિકિટ (સ્ટેમ્પ) જારી કરી છે
(A) શ્રીનિવાસ રામાનુજમ
(B) સુબ્રહ્મણિયમ ભારતી
(C) એમ. એસ. શુબુલક્ષ્મી
(D) ભીમસેન જોશી

044. ચક્રવાતના કેન્દ્રમાં હવાનું દબાણ કેવું હોય છે?
(A) હલકું (B) ભારે (C) મધ્યમ (D) નહિંવત

045. FEMA નું આખું સ્વરૂપ શું છે?
(A) Free Exchange of Money Assets
(B) Foreign Exchange Money Act
(C) Free Exchange Money Assets
(D) Foreign Exchange Management Act

046. ક્યા ભારતીય પત્રકારને ઈન્ટરનેશનલ પ્રેસ ફ્રીડમ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે?
(A) પ્રણવ રોય
(B) માલિની સુબ્રમણીયમ્
(C) પુનિત ટંડન
(D) સંજયા બારૂ

047. વજ્રપાણીનું શિલ્પ નીચેના પૈકી કઈ ગુફા સ્થાપત્યમાં મળી આવ્યું છે?
(A) ઢાંક (B) ઉપરકોટ (C) ખંભાલીડા (D) આબુ

048. ભારતે ક્યા દેશને હરાવી 2016 કબડ્ડી વર્લ્ડ કપ જીત્યો?
(A) પાકિસ્તાન (B) ઈરાન (C) અફઘાનિસ્તાન (D) બાંગ્લાદેશ

049. "અણસાર" નવલકથા કોણે લખી છે?
(A) ધૂમકેતુ
(B) ગુલાબદાસ બ્રોકર
(C) વર્ષા અડાલજા
(D) નિરંજન ભગત

050. "ઈદમ્ સર્વમ્" કોનો નિબંધસંગ્રહ છે?
(A) સુરેશ જોશી
(B) વિનોદ ભટ્ટ
(C) ભોળાભાઈ પટેલ
(D) રઘુવીર ચૌધરી



WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

051. 46 વિદ્યાર્થીઓના વર્ગ માં જો તેજસનો ક્રમ 12 મો હોય તો છેલ્લેથી તેનો ક્રમ ક્યો થશે?

(A) 33 (B) 34 (C) 35 (D) 36

052. હાલમાં એક શહેરની વસ્તી 1,80,000 છે. જો તેની વસ્તી દર વર્ષે 10% ના દરે વધતી હોય તો 2 વર્ષ પછી તેની વસ્તી કેટલી થશે?

(A) 2,07,800 (B) 2,17,800 (C) 2,27,800 (D) 2,37,800

053. એક કાર 1 સેકેંડમાં 10 મીટરનું અંતર કાપે છે, તો તેની ઝડપ કિલોમીટર/કલાક ના દરે શું હશે?

(A) 40 કિ.મી. (B) 32 કિ.મી. (C) 48 કિ.મી. (D) 36 કિ.મી.

054. 3 : 25, 4 : 34, 5 : 43, 6 : 52, 7 : ?

(A) 42 (B) 44 (C) 59 (D) 61

055. રામ તેના પગારના 40% ખોરાક, 20% ઘરભાડ, 10% મનોરંજન, અને 10% વાહન ઉપર ખર્ચે છે. જો મહીના અંતે તેની બચત રૂ 1,500 હોય તો તેનો માસિક પગાર કેટલો હશે?

(A) 8,000 (B) 7,500 (C) 6,000 (D) 10,000

056. સંસદની બેઠક ચાલુ હોય ત્યારે રાષ્ટ્રપતિએ કરેલ વટહુકમ ક્યારે અસરકારકતા ગુમાવે છે?

(A) 6 મહિનાના અંતે
(B) 6 અઠવાડીયાના અંતે
(C) 3 મહિનાના અંતે
(D) 3 અઠવાડીયાના અંતે

057. તાજેતરમાં ભારતીય ક્રિકેટ બોર્ડ BCCI ની ચાર સભ્યોની વહીવટી ટીમના વડા તરીકે નિયુક્ત થયેલા વિનોદ રાય અગાઉ ક્યા હોદ્દા ઉપર રહી ચૂક્યા છે?

(A) સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશ
(B) વડી અદાલતના ન્યાયાધીશ
(C) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ
(D) ભારતના સોલીસીટર જનરલ

058. બંધારણના અનુચ્છેદ 29(1) અંતર્ગત ભારતના કોઈ પણ નાગરિકને કઈ વિશિષ્ટતા જાળવી રાખવાનો અધિકાર આપવામાં આવેલ છે?

(A) "રૂઢિ, વિધિ અથવા સંસ્કૃતિ"
(B) "ભાષા, વિધિ અથવા રિવાજ"
(C) "ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ"
(D) "લિપિ, સંસ્કૃતિ અથવા ધર્મ"

059. બીજી પંચવર્ષીય યોજનાની વ્યુહ રચના સાથે કોનું નામ સંકળાયેલું છે?

(A) એમ. એસ. સ્વામીનાથન
(B) પી. સી. મહાલાનો બિસ
(C) હેરોડ -ડોમર
(D) રાજકૃષ્ણ

060. ચૂંટણીમાં મતદારની આંગળી ઉપર લગાવવામાં આવતી અવિલોપ્ય શાહીમાં ક્યું રસાયણ હોય છે?

(A) મિથિલીન બ્લ્યુ
(B) સીલ્વર નાઈટ્રેટ
(C) સોડિયમ પેરોક્સાઈડ
(D) ફિનોલ્ફથેલીન



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

061. જૂન-2016માં કઈ સમિતિએ નવી શિક્ષણ નીતિ ઉપર પોતાનો અહેવાલ સુપ્રત કર્યો છે?
(A) ટી એસ આર સુબ્રમણીયમ્ સમિતિ
(B) સ્મૃતિ ઈરાની સમિતિ
(C) પ્રકાશ જાવેડેકર સમિતિ
(D) અશોક દલવાઈ સમિતિ

062. નીચેના પૈકી ક્યાં વર્ષોમાં ભારત સરકારે ભારતીય રૂપીયાનું અવમૂલ્યન કર્યું હતું?
(A) 1966 અને 1991
(B) 1980 અને 1992
(C) 1995 અને 2000
(D) 1978 અને 2016

063. વર્ષ 2015 માટેનો દાદાસાહેબ ફાળકે એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે?
(A) શશિ કપુર
(B) અલ્લુ અર્જુન
(C) ધર્મેન્દ્ર
(D) મનોજકુમાર

064. "હિંદુ વૃદ્ધિદર" નો ખ્યાલ કોને આવ્યો?
(A) પી. સી. મહાલાનોબિસ
(B) રાજકૃષ્ણ
(C) એમ. એસ. સ્વામીનાથન
(D) એમ. એસ. આહલુવાલીયા

065. કેન્દ્ર સરકારનાં અંદાજપત્રનાં પગાર પાછળનો ખર્ચ ________ છે.
(A) મહેસૂલી ખર્ચ
(B) મૂડી ખર્ચ
(C) ગ્રાંટ પાછળનો ખર્ચ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

066. ક્યા મૌર્ય રાજા જૈન સન્યાસી બન્યા અને શ્રવણ બેલગોલા, મૈસૂર ખાતે મૃત્યુ સુધી ઉપવાસ કર્યા?
(A) બિંદુસાર
(B) બિંબીસાર
(C) ચન્દ્રગુપ્ત મૌર્ય
(D) અશોક

067. ભારત મુનિ કૃત "નાટ્યશાસ્ત્ર" ગ્રંથ નીચેના પૈકી કઈ વિષયવસ્તુ લગત છે?
(A) નાટક (B) નૃત્ય (C) સંગીત (D) ઉપરના તમામ

068. નીચેના બનાવોને સમયાનુક્રમ માં ગોઠવો
1) બોરસદ સત્યાગ્રહ
2) ખેડા સત્યાગ્રહ
3) ધરાસણા સત્યાગ્રહ
4) બારડોલી સત્યાગ્રહ
(A) 2, 1, 4, 3 (B) 3, 4, 2, 1 (C) 2, 3, 4, 1 (D) 4, 1, 3, 2

069. મીરાંબાઈએ તેમનો દેહ ક્યા સ્થળે છોડ્યો?
(A) જૂનાગઢ (B) શ્રીનાથજી (C) ડાકોર (D) દ્વારકા

070. ગાંધીજીએ "સવાઈ ગુજરાતી" નું બિરુદ કોને આપ્યું હતું?
(A) વિનોબા ભાવે
(B) સ્વામી આનંદ
(C) કાકા કાલેલકર
(D) ધર્માનંદ કોસંબી



WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

(D) ઉપરના પૈકી ...

071. જો HEAVY નો કોડ ICBTZ હોય તો QUICK નો કોડ શું હશે?

(A) OSJAL (B) QRJAL (C) RSJBL (D) 114

072. જો C × Q = 51, F × S = 114 અને S × C = 57 હોય, તો Q × F = ?

(A) 96 (B) 78 (C) 102 (D) 114

073. જો ધાન્ય : ખેતર હોય, તો નીચેના પૈકી ક્યું સાચું છે?

(A) દર્દી : દવાખાનું (B) બાળકો : શાળા
(C) લોખંડ : કારખાનું (D) ફિલ્મ : દ્રશ્ય

074. છ વ્યક્તિઓ A, B, C, D, E અને F વર્તુળાકાર ઊભાં છે. D અને C ની વચ્ચે B છે. E અને C ની વચ્ચે A છે. D ની જમણે F છે. A અને F ની વચ્ચે કોણ છે?

(A) B (B) E (C) C (D) F

075. B, D, G, I, L, N, ?

(A) O (B) Q (C) S (D) U

076. જોડકાં સાચી રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરો.

| યાદી - I (વૈધાનિક/વસ્તીગણત્રી) | યાદી - II (નગર) |
|---|---|
| a) સેન્સસ નગર | 1) સાપુતારા |
| b) નોટીફાઈડ વિસ્તાર | 2) દ્વારકા |
| c) ઔદ્યોગિક નોટીફાઈડ વિસ્તાર | 3) મીઠાપુર |
| d) નગરપાલિકા | 4) છત્રાલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 2 | 1 | 4 |

077. ભારત સરકાર દ્વારા વિકસાવનાર "સ્માર્ટ શહેરો" ની યાદીમાં નીચેના પૈકી ગુજરાતનું ક્યું શહેર નથી?

(A) ભાવનગર (B) જુનાગઢ
(C) રાજકોટ (D) જામનગર

078. ભારતના બંધારણની નીચેના પૈકી કઈ યાદીમાં નગરપાલીકાઓના કાર્યોની સ્પષ્ટતા કરવામાં આવી છે?

(A) 8મી યાદી (B) 9મી યાદી
(C) 11મી યાદી (D) 12મી યાદી



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

079. નીચેના પૈકી કઈ યોજના ભારતના નાના અને મધ્યમ નગરોના આંતરમાળખાકીય વિકાસ ઉપર મુખ્યત્વે કેન્દ્રિત છે?

(A) AMRUT (B) JNNURM (C) UIDSSMT (D) NUIS

080. નીચેનામાંથી કઈ જોડી ખરી છે?

(A) અધિકાર-પૃચ્છા આજ્ઞાપત્ર – તાબાની અદાલતોની સામે પ્રાપ્ત થાય છે.

(B) પ્રતિષેધ આજ્ઞાપત્ર – તાબાની અદાલતોને પોતાની હકુમત બહાર જતી રોકવા માટે

(C) ઉત્પ્રેષણ આજ્ઞાપત્ર – ખાનગી એકમો સામે જ પ્રાપ્ત થાય છે.

(D) બંદી પ્રત્યક્ષીકરણ આજ્ઞાપત્ર – માત્ર ખાનગી અટકાયતો સામે જ પ્રાપ્ત થાય છે.

081. ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નીમાવાને લાયક હોય અથવા લાયક કરેલ હોય તેવી વ્યક્તિઓના બનેલાં સલાહકાર બોર્ડ સત્તા આપે તે સિવાય, નિવારક અટકાયતના કાયદા અંતર્ગત કોઈપણ વ્યક્તિને કેટલા સમયથી વધુ અટકાયતમાં રાખી શકાશે નહીં?

(A) 6 મહિના (B) 1 મહિનો (C) 24 કલાક (D) 3 મહિના

082. નાણાપંચમાં કોનો સમાવેશ હોય છે?

(A) અધ્યક્ષ અને બે અન્ય સભ્યો (B) અધ્યક્ષ અને ચાર અન્ય સભ્યો

(C) અધ્યક્ષ અને ત્રણ અન્ય સભ્યો (D) અધ્યક્ષ અને પાંચ અન્ય સભ્યો

083. જ્યારે રાષ્ટ્રપતિ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે ત્યારે તેનાં અધ્યક્ષ કોણ હોય છે?

(A) રાષ્ટ્રપતિ (B) ઉપરાષ્ટ્રપતિ

(C) સ્પીકર (D) પ્રધાનમંત્રી

084. કોની ભલામણ મુજબ રાજ્યોને કેન્દ્ર કર-આવકનો હિસ્સો મળે છે?

(A) આયોજન પંચ (B) નાણા પંચ

(C) નીતિ આયોગ (D) કેન્દ્ર સરકાર

085. મૈત્રક વંશના શાસનમાં ગુજરાતનું પાટનગર ક્યું હતું?

(A) કર્ણાવતી (B) પાટણ (C) સિદ્ધપુર (D) વલભી

086. નીચે જણાવેલ સંતોને તેમની ફિલસૂફી સાથે યોગ્ય રીતે જોડો.

| સંત | ફિલસૂફી |
|---|---|
| a) રામાનુજ | 1) અદ્વૈત્ય ફિલસૂફી |
| b) ચૈતન્ય | 2) નિર્ગુણ ભક્તિ |
| c) શંકરા | 3) વિશિષ્ટાદ્વૈત ફિલસૂફી |
| d) કબીર | 4) ગૌડીય વૈષ્ણવ સંપ્રદાય |

(A) a – 3, b – 2, c – 1, d – 4 (B) a – 1, b – 4, c – 3, d – 2

(C) a – 3, b – 4, c – 1, d – 2 (D) a – 2, b – 1, c – 4, d – 3



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

087. હોમરૂલ ચળવળના નેતાઓએ "હોમરૂલ" શબ્દ તેના જેવી જ ક્યા દેશની ચળવળમાંથી સ્વીકાર્યો ?

(A) આર્યલેન્ડ (B) સ્કોટલેન્ડ (C) યુ. એસ. એ. (D) કેનેડા

088. "ભારતીય ક્રાન્તિના માતા" તરીકે કોણ ઓળખાય છે ?

(A) લક્ષ્મી બાઈ (B) બેગમ હઝરત મહાલ

(C) દુર્ગા ભાભી (D) મેડમ ભીખાજી રુસ્તમ કામા

089. નીચેના પૈકી ક્યું સમાચાર પત્ર ગાંધીજી દ્વારા સંપાદિત કરવામાં ન આવ્યું હતું ?

(A) ઈન્ડીયન ઓપીનીયન (B) યંગ ઈન્ડિયા

(C) વોઈસ ઓફ ઈન્ડિયા (D) હરિજન

090. બ્રિટિશ સરકાર ભારતની સરકારને તમામ સત્તા સોંપીને જૂન 1948 સુધીમાં ભારતમાંથી વિદાય લે એવી જાહેરાત ફેબ્રુઆરી, 1947માં કોણે કરી હતી ?

(A) વેવલ (B) માઉન્ટબેટન (C) એટલી (D) સાયમન

091. કચ્છનો ડુંગરાળ વિસ્તાર કેવા પ્રકારના ખડકો ધરાવે છે ?

(A) પ્રસ્તર (B) અગ્નિકૃત (C) જલનિર્મિત (D) વિકૃત

092. કઈ બે નદીઓ વચ્ચેનો વિસ્તાર "ચરોતર" તરીકે ઓળખાય છે ?

(A) શેઢી અને મહી (B) નર્મદા અને ઢાઢર

(C) વાત્રક અને સાબરમતી (D) સાબરમતી અને કંઠી

093. બૌદ્ધ અને જૈન ધર્મની કોતરણી દર્શાવતી ઢાંકની ગુફાઓ ગુજરાતના ક્યાં જિલ્લામાં આવેલી છે ?

(A) કચ્છ (B) જૂનાગઢ (C) રાજકોટ (D) સાબરકાંઠા

094. ભારત સરકારનો e Biz પ્રોજેક્ટ નીચેના પૈકી કઈ ઝડપી અને કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડવા અંગેનો છે ?

(A) G2G સેવાઓ (B) G2C સેવાઓ (C) G2B સેવાઓ (D) B2C સેવાઓ

095. નર્મદા નદી પર મધ્યપ્રદેશમાં કઈ યોજના આવેલી છે ?

(A) નર્મદાસાગર યોજના (B) સરદાર સરોવર યોજના

(C) વેનગંગા યોજના (D) રામસાગર યોજના

096. નીચેના પૈકી ક્યા દેશને "કાર્બન નેગેટીવ" દેશ તરીકે જાહેર કરવામાં આવ્યો છે ?

(A) આઈસલેન્ડ (B) ગ્રીનલેન્ડ (C) મડાગાસ્કર (D) ભૂતાન

097. 2001ની સરખામણીમા 2011 ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં વસ્તી ગીચતામાં કેટલો વધારો થયો છે ?

(A) 09.38% (B) 19.38% (C) 29.38% (D) 39.38%



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

098. નીચેના પૈકી ક્યો સંદેશાવ્યવહાર ઉપગ્રહ છે ?
(A) GSAT-18
(B) RESOURCE SAT-2A
(C) INSAT-3DR
(D) CARTOSAT-2

099. અવકાશયાત્રીને બાહ્ય અવકાશ ક્યા રંગનું દેખાય છે ?
(A) નીલો
(B) સફેદ
(C) કાળો
(D) કેસરી

100. શ્વાસમાં કોલસાની ધૂળથી થતાં નીચેના પૈકી ક્યા રોગ પરત્વે કોલસાની ખાણના કામદારો સંવેદનશીલ હોય છે ?
(A) ન્યુમોકોનીયોસીસ
(B) સિલિકોસિસ
(C) ક્ષય રોગ
(D) એન્થ્રાકોસિસ

101. લોકસભામાં "શૂન્ય કાળનો" મહત્તમ સમયગાળો કેટલો હોય છે ?
(A) એક કલાક
(B) 30 મિનિટ
(C) નિયત કરેલ નથી
(D) 90 મિનિટ

102. જમ્મુ અને કાશ્મીરની સત્તાવાર ભાષા કઈ છે ?
(A) કાશ્મીરી
(B) ઉર્દૂ
(C) હિન્દી
(D) ડોગરી

103. નીચેના પૈકી કોણ અનુસૂચિત જાતિના રાષ્ટ્રીય આયોગનો વાર્ષિક અહેવાલ સંસદ સમક્ષ મૂકે કરે છે,
(A) સામાજિક ન્યાયના કેન્દ્રીય મંત્રી
(B) કેન્દ્રીય મંત્રીમંડળ
(C) ભારતના રાષ્ટ્રપતિ
(D) કેન્દ્રીય ગૃહમંત્રી

104. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નવેમ્બર 2017માં ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ COP 23 ક્યા સ્થળે યોજનાર છે,
(A) ક્યોટો
(B) બોન્
(C) પેરિસ
(D) હેગ્

105. રાજ્યપાલ બંધારણના ક્યા અનુચ્છેદ અન્વયે વટહુકમ બહાર પાડી શકે ?
(A) અનુચ્છેદ – 161
(B) અનુચ્છેદ – 163
(C) અનુચ્છેદ – 166
(D) અનુચ્છેદ – 213

106. પાણીયા વન્યજીવન અભ્યારણ ક્યાં જીલ્લામાં આવેલું છે ?
(A) જૂનાગઢ
(B) ભાવનગર
(C) અમરેલી
(D) પોરબંદર

107. ભાસ્કરાચાર્યે ક્યો પ્રખ્યાત ગ્રંથ લખ્યો હતો ?
(A) લીલાવતી ગણિત
(B) કલાવતી ગણિત
(C) ચંપાવતી ગણિત
(D) શીલાવતી ગણિત

108. પિરોટન ટાપુ પાસેથી મોતી આપતી કઈ માછલી મળી આવે છે ?
(A) બેલુગા
(B) પાતરા
(C) કાલુ
(D) ઝુલુ

109. "ચતુર ચાલીસી" અને "પ્રેમપચીસી" નામક બે નોંધપાત્ર પદમાળાઓનાં કવિનું નામ જણાવો.
(A) પ્રીતમદાસ
(B) વિશ્વનાથ જાની
(C) રત્નેશ્વર
(D) વીરજી



Scanned by CamScanner

110. ભારતમાં નાણાંકીય નીતિ કોણ ઘડે છે?
(A) નાણામંત્રી
(B) ભારતીય રિઝર્વ બેંક
(C) ભારતના વડાપ્રધાન
(D) ઉપરના પૈકી કોઈ નહીં

111. નીચેના પૈકી ક્યા રાજ્યમાંથી કર્કવૃત પસાર થતો નથી?
(A) મિઝોરમ (B) ત્રિપુરા (C) છત્તીસગઢ (D) મણિપુર

112. પેટ્રોલીયમ ક્યાં પ્રકારના ખડકોમાંથી મળી આવે છે?
(A) અગ્નિકૃત ખડકો
(B) પ્રસ્તર ખડકો
(C) વિકૃત ખડકો
(D) ભેજવાળી જમીન

113. નીચેના પૈકી કઈ ટેલીકોમ કંપનીએ પોતાની પ્રથમ પેમેન્ટ બેંક સેવાઓ રાજસ્થાનમાં મર્યાદિત પ્રમાણમાં શરુ કરી છે?
(A) એરટેલ
(B) રિલાયન્સ ડિજિટલ
(C) આઈડીયા સેલ્યુલર
(D) ટાટા કમ્યુનીકેશન્સ લીમિટેડ

114. અલકનંદા અને ભગીરથીનો સંગમ ક્યાં થાય છે?
(A) દેવપ્રયાગ (B) કરણપ્રયાગ (C) રૂદ્રપ્રયાગ (D) વિષ્ણુપ્રયાગ

115. હાઈસ્પીડ ટેલગો ટ્રેનનો ટ્રાયલ રન ક્યાં શહેરોની વચ્ચે લેવામાં આવ્યો?
(A) મુંબઈ- પૂના
(B) દિલ્હી- અમદાવાદ
(C) દિલ્હી- મુંબઈ
(D) દિલ્હી- ઈંદોર

116. ઓટોમોબાઈલમાં હાઈડ્રોલીક બ્રેક ક્યા સિદ્ધાંત મુજબ કાર્ય કરે છે?
(A) બરનૂલીનો સિદ્ધાંત
(B) પાસ્કલનો સિદ્ધાંત
(C) આર્કિમીડીઝનો સિદ્ધાંત
(D) ઉપરના પૈકી કોઈ નહીં

117. એવો ક્યો પદાર્થ છે કે જે રક્તને રક્તવાહિનીમાં ગંઠાઈ જતા અટકાવે છે?
(A) હિપારીન (B) હિમોગ્લોબિન (C) થાઈરોક્સીન (D) પેસપીસ

118. નીચેના પૈકી ક્યું પરોપજીવી નથી?
(A) જૂ (B) મચ્છર (C) ટિક (D) માખી

119. નીચેના પૈકી ક્યું RDX નું બીજું નામ છે?
(A) સાયક્લોનાઈટ (B) ડેક્ષટ્રાન (C) સાયનોહાઈડ્રીન (D) સાયક્લોહેક્ઝાન

120. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 2014-2024 ને ક્યા દાયકા તરીકે જાહેર કરવામાં આવ્યું છે?
(A) સૌના માટે ટકાઉ (sustainable) ઊર્જાનો દાયકો
(B) ટકાઉ (sustainable) વિકાસ માટે શિક્ષણનો દાયકો
(C) કુદરતી આપત્તિ ઘટાડા માટેનો આંતરરાષ્ટ્રીય દાયકો
(D) માનવ અધિકાર શિક્ષણ માટેનો દાયકો



WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

(D) રવિન્દ્રનાથ ટાગોર

121. ભારતની પ્રથમ મહિલા વિશ્વવિદ્યાલયનાં સ્થાપક કોણ હતા?
(A) એની બેસન્ટ (B) સીસ્ટર નીવેદીતા (C) ડી. કે. કર્વે

122. ભારતના બંધારણના અનુચ્છેદ 16(4) હેઠળ રાજ્ય જાહેર રોજગારીની બાબતમાં ખાસ અનામતની જોગવાઈ ક્યા વર્ગ માટે કરી શકે છે?
(A) અન્ય પછાત વર્ગના નાગરિકો માટે
(B) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ માટે
(C) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત નાગરિકો મા
(D) સામાજિક તથા આર્થિક રીતે પછાત નાગરિકો માટે

123. જ્યારે ખરડો બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રજૂ કરવામાં આવે છે, ત્યારે તે કેટલી બહુમતીથી પસાર કરવો પડે?
(A) હાજર અને મતદાન કરનાર સભ્યોની 3/4 બહુમતીથી
(B) હાજર અને મતદાન કરનાર સભ્યોની સાદી બહુમતીથી
(C) ગૃહોની 2/3 બહુમતીથી
(D) ગૃહોની નિરપેક્ષ બહુમતી

124. ભારતના રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાઆરોપની કાર્યરીતિ કોણ શરૂ કરી શકે?
(A) ફક્ત લોકસભા (B) ફક્ત રાજ્યસભા
(C) સંસદના બેમાંથી કોઈ એક ગૃહ (D) કોઈ પણ વિધાનસભા

125. અલ્હાબાદ પાસેના સ્તંભાલેખનું આલેખન કરનાર રાજકવિ નીચેના પૈકી કોણ હતાં?
(A) ચંદ બારોટ (B) હરિસેણ (C) કાલિદાસ (D) રાજશેખર

126. બે અક્ષાંશવૃત્તો વચ્ચે કેટલા કિ.મી.નું અંતર હોય છે?
(A) 139કિ.મી. (B) 122કિ.મી. (C) 111કિ.મી. (D) 211કિ.મી.

127. ભારતમાં વર્ષ 2015-16 દરમ્યાન સરેરાશ ફુગાવાનો દર CPI (વપરાશી વસ્તુઓના કિંમત સૂચક આંક) અનુસાર કેટલો હતો?
(A) 7.9% (B) 3% (C) 4.9% (D) 6%

128. સરકારે શરૂ કરેલ ટોલફ્રી નંબર 1924 ________ માટે છે.
(A) પોસ્ટ લગત ફરિયાદ (B) ખેતી લગત ફરિયાદ
(C) સ્વાસ્થ્ય લગત ફરિયાદ (D) સ્વચ્છતા લગત ફરિયાદ

129. ચોખ્ખું ઘરગથ્થું ઉત્પાદનની ગણત્રી કરવા માટે એકંદર ઘરગથ્થું ઉત્પાદનમાંથી કોની બાદબાકી કરવી પડે?
(A) અવમૂલ્યન (B) પરદેશથી થતી ચોખ્ખી આવક
(C) આડકતરો વેરા (D) સબસીડી



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner

130. માથાદીઠ આવક એટલે

(A) $\frac{\text{એકંદર રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$

(B) $\frac{\text{એકંદર ઘરગથ્થું ઉત્પાદન}}{\text{કુલ વસ્તી}}$

(C) $\frac{\text{ચોખ્ખી રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$

(D) $\frac{\text{ચોખ્ખું ઘરગથ્થું ઉત્પાદન}}{\text{કુલ વસ્તી}}$

131. ગુજરાતનું સિંધુખીણની સંસ્કૃતિનું સ્થળ રોઝડી ક્યા જિલ્લામાં આવેલું છે ?
(A) અહમદાબાદ (B) કચ્છ (C) રાજકોટ (D) સુરેન્દ્રનગર

132. ICC અંન્ડર 19 ક્રિકેટ વર્લ્ડ કપ-2016 ક્યા દેશે જીત્યો છે ?
(A) ભારત (B) ઇંગ્લેન્ડ (C) વેસ્ટ ઇન્ડિઝ (D) શ્રીલંકા

133. દેલવાડાનાં ડેરાંની બહારના ભાગમાં આવેલાં બે ગોખ કોના નામે ઓળખાય છે ?
(A) રિદ્ધી અને સિદ્ધી
(B) ગંગા અને યમુના
(C) જયા અને પાર્વતી
(D) લલિતાદેવી અને અનુપમાદેવી

134. 2016 નો જ્ઞાનપીઠ એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?
(A) મહાસ્વેતા દેવી
(B) નિરેન્દ્રનાથ ચક્રબોર્તી
(C) રઘુવીર ચૌધરી
(D) શંકા ઘોષ

135. પોતાના પુસ્તક "માણસાઈનાં દીવા" માં ઝવેરચંદ મેઘાણીએ પોતાના સમાજકાર્ય દરમ્યાન કઈ વ્યક્તિ સાથેના અનુભવો આલેખ્યાં છે ?
(A) ગાંધીજી
(B) રવિશંકર મહારાજ
(C) સરદાર પટેલ
(D) વિઠ્ઠલભાઈ પટેલ

136. 1, 5, 11, 19, 29, ?
(A) 45 (B) 39 (C) 41 (D) 47

137. P નો પતિ B છે. Q E નો એકમાત્ર પૌત્ર છે. જે D ની પત્ની છે અને P ની સાસુ છે. B નો D સાથે શો સંબંધ છે ?
(A) પિતરાઈ (B) દિકરો (C) જમાઈ (D) ભત્રીજો

138. X, U, S, P, N, K, I, ?
(A) F (B) J (C) M (D) K

139. 3, 7, 15, 31, 63, ?
(A) 67 (B) 83 (C) 127 (D) 126

140. જો પહેલી ઓક્ટોબર રવિવાર હોય તો પહેલી નવેમ્બર ક્યો વાર હશે ?
(A) સોમવાર (B) મંગળવાર (C) ગુરૂવાર (D) બુધવાર



WWW.MARUGUJARAT.IN
Scanned by CamScanner

141. "PURA" યોજના/વિચારનું નીચેના પૈકી કોણે સૂચન કર્યું હતું ?

(A) એ. બી. વાજપાઈ
(B) એ. પી. જે. અબ્દુલકલામ
(C) મનમોહન સિંહ
(D) પ્રણવ મુખર્જી

142. સંસદમાં શેનો સમાવેશ થાય છે ?

(A) બંન્ને ગૃહ
(B) બંન્ને ગૃહ અને અધ્યક્ષ
(C) બંન્ને ગૃહ અને રાષ્ટ્રપતિ
(D) લોકસભા

143. એટર્ની જનરલનો હોદ્દો ધારણ કરવાની મુદત કેટલી છે ?

(A) 5 વર્ષ માટે
(B) બીજી ચુંટણી થાય ત્યાં સુધી
(C) રાષ્ટ્રપતિની મરજી સુધી
(D) 10 વર્ષ માટે

144. સંસદના કોઈપણ ગૃહની બેઠક રચવા માટે ભારતના બંધારણ અનુસાર કોરમ શું હોવું જોઈએ ?

(A) ગૃહના કુલ સભ્યોનો $^{1}/_{5}$ ભાગ
(B) ગૃહના કુલ સભ્યોનો $^{1}/_{4}$ ભાગ
(C) ગૃહના કુલ સભ્યોનો $^{2}/_{3}$ ભાગ
(D) ગૃહના કુલ સભ્યોનો $^{1}/_{10}$ ભાગ

145. ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ HRIDAY યોજનામાં નીચેના પૈકી ગુજરાતનું ક્યું શહેર પસંદ કરવામાં આવ્યું છે ?

(A) દ્વારકા (B) અંબાજી (C) પાલીતાણા (D) સોમનાથ

146. નીચેના પૈકી ક્યા રોગનો "ઈન્દ્રધનુષ" મિશન હેઠળ સમાવેશ થતો નથી ?

(A) ખાંસી (B) પોલીયો (C) સ્વાઈન ફ્લુ (D) ક્ષય

147. "પ્રોજેક્ટ સનરાઈઝ" નો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) આઠ ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં એઈડ્સ નિવારણ
(B) ઝૂંપડપટ્ટીમાં ક્ષયરોગનું નિવારણ
(C) ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વન્યજીવન સંરક્ષણ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

148. "પ્રોડુનોવા" નીચેના પૈકી કઈ રમત સાથે સંકળાયેલું છે ?

(A) બિલિયર્ડ્સ (B) હોકી (C) જિમ્નેસ્ટીક્સ (D) રગબી

149. "વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ" પંક્તિનાં કવયિત્રીનું નામ શું છે ?

(A) મીરાબાઈ (B) દિવાળીબાઈ (C) ગવરીબાઈ (D) ગંગાસતી

150. નીચેના પૈકી ક્યું શહેર પુરૂષોની હોકી વર્લ્ડ કપ 2018ની યજમાની કરશે ?

(A) નવી દિલ્હી (B) હૈદ્રાબાદ (C) બેંગ્લૂર (D) ભુવનેશ્વર



WWW.MARUGUJARAT.IN

Scanned by CamScanner